RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 20 * Date: 08.11.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

અયોધ્યામાં દીપોત્સવનો આરંભ, ૩૦ લાખ દીવડાઓની રોશનીથી ઝળહળી ઉઠી રામનગરી



અયોધ્યામાં ૭ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ૧૦ માં ભવ્ય દીપોત્સવનો પ્રારંભ થયો. સરયુ નદીના ૫૬ ઘાટો પર ૩૦ લાખ દીવા પ્રગટાવાયા, જેથી રામ કી પૈડી અને સમગ્ર નગરી ઝગમગી ઉઠી. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ઉપસ્થિતિમાં આ અલૌકિક ઉત્સવ ઉજવાયો. દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા, અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી.

અયોધ્યામાં ૭ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ૧૦ માં ભવ્ય દીપોત્સવની શરૂઆત થઈ છે. સરયું નદીના કિનારે આવેલા ૫૬ ઘાટો પર આશરે ૩૦ લાખ દીવા પ્રજ્વલિત કરવામાં આવ્યા છે, જેનાથી રામ કી પૈડી અને સમગ્ર અયોધ્યા નગરી રોશનીથી જગમગી ઉઠી છે. આ અલૌકિક ઉત્સવને નિહાળવા માટે દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચ્યા હતા.અતિથિઓ: આ કાર્યક્રમમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હાજરી આપી હતી.ઉપરાષ્ટ્રપતિનું નિવેદન: ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણનએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગીના નેતૃત્વમાં રામ મંદિર સમગ્ર હિન્દુ સમાજના આત્મસન્માનનું પ્રતીક બની ગયું છે.

અયોધ્યામાં દીપોત્સવના આયોજનને ધ્યાનમાં રાખીને સુરક્ષાના અત્યંત કડક બંદોબસ્ત કરવામાં આવ્યા છે. સમગ્ર આયોજન ક્ષેત્રને ૨૦ ઝોન અને ૫૩ સેક્ટરમાં વહેંચવામાં આવ્યું છે. સુરક્ષા માટે આશરે ૬,૦૦૦ પોલીસકર્મીઓ, ૅછઝ ની ૯ કંપનીઓ, ઈછઢ્ઢ ની ૩ કંપનીઓ તેમજ છ્જી ની કમાન્ડો ટીમો તૈનાત કરવામાં આવી છે. સરયુ નદી પર ટીમો પણ તૈનાત છે.ઓસ્ટ્રેલિયા અને મલેશિયા સહિતના વિદેશી દેશોમાંથી પણ શ્રદ્ધાળુઓ અને વિદેશી નાગરિકો અયોધ્યાના આ ભવ્ય દીપોત્સવને નજીકથી નિહાળવા માટે વિશેષરૂપે અયોધ્યા પહોંચ્યા છે.

મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા "સનાતન દિવ્ય જ્યોત" રંગોળીનું કલાત્મક સર્જન



મણિનગર સ્થિત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિરના ચોકમાં "સનાતન દિવ્ય જ્યોત" નામની સુંદર અને કલાત્મક રંગોળીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સંસ્થાન દ્વારા તૈયાર કરવામાં આવેલી આ રંગોળી સનાતન ધર્મની આધ્યાત્મિકતા, દિવ્યતા અને સંસ્કૃતિનું સુંદર પ્રતીક બની છે. રંગોળી દ્વારા સનાતન ધર્મના શાશ્વત સંદેશને કલાત્મક રીતે રજૂ કરવામાં આવ્યો છે.

આ રંગોળી તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ વિશ્વભરમાં સનાતન ધર્મની દિવ્ય જ્યોત પ્રજ્વલિત થાય, અત્ર-તત્ર અને સર્વત્ર શાંતિની સ્થાપના થાય તેમજ સમગ્ર વિશ્વના સર્વે પ્રાણીમાત્ર સુખ અને શાંતિથી જીવન જીવી શકે તેવો ઉમદા સંદેશ જનમાનસ સુધી પહોંચાડવાનો છે.

આ સુંદર ધાર્મિક અને કલાત્મક કાર્ય માટે મહંત સદ્ગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થયાં છે.આ રંગોળી સનાતન સંસ્કૃતિના ગૌરવ સાથે વિશ્વશાંતિ અને સર્વજીવ કલ્યાણનો પવિત્ર સંદેશ પ્રસરાવી રહી છે.

RNI No.: GU/GUJ/2014/59295

E-mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ"

www.janfariyadnews.com

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

An International Weekly

HAPPY

Diwali

સવંત 2082 સને 2025-26

નૂતન

વર્ષાભિનંદન

Editor : Pradip Raval


Managing Editor : Minaxi Raval

International Promoter : Pooja Raval

Sub Editor : Aum Raval

Janfariyadnews

ઈસરોનો એનવીએસ-૦૩ સેટેલાઈટ આકાશમાં ૩૬,૧૯૬ કિ.મી.ની ભ્રમણકક્ષામાં ગોઠવાયો



ઈસરોએ દ્રફજી-૦૩ સેટેલાઈટને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં સ્થાપિત કર્યો છે. આ સ્વદેશી સેટેલાઈટ ભારતને ૅજી માટે આત્મનિર્ભર બનાવશે. લશ્કર, રેલવે, હવાઈ સેવા અને સ્માર્ટફોન જેવા ક્ષેત્રોમાં સચોટ સમય અને દિશા મળશે. તેમાં સ્વદેશી રૂબીડીયમ એટોમિક ક્લોક ગોઠવવામાં આવી છે, જે 'વન નેશન, વન ટાઈમ' વ્યવસ્થાને સચોટ બનાવશે.વન નેશન, વન ટાઈમ વ્યવસ્થા થઈ શકશે : ભારતજીપીએસમાટે આત્મનિર્ભર બનશેલશ્કરની ત્રણેય પાંખ, રેલવે, માર્ગ પરિવહન, હવાઈ સેવા, સ્માર્ટફોન, સ્માર્ટ વોચ વગેરે ક્ષેત્રોમાં સચોટ સમય : દિશા પ્રાપ્ત થશેસેટેલાઈટમાં સ્વદેશી ટેકનોલોજીની રૂબીડીયમ એટમિક ક્લોક અને પ્રોક્યુરેડ ક્લોક ગોઠવાઈ છેબેંગલુરુ/ મુંબઈ : ઈસરોનો નેવીગેશન વિઝિટર સિરિઝ (એનવીએસ : ૦૩ સેટલાઈટ) સેટેલાઈટ ૨૦૨૬ની ૪, નવેમ્બરે તેની નિશ્ચિત ભ્રમણકક્ષામાં સફળતાથી પહોંચી ગયોછે.એનવીસ૦૩ સેટેલાઈટની નિશ્ચિત ભ્રમણકક્ષા પૃથ્વીથી આકાશમાં ૩૫,૭૬૫ : ૩૬,૧૯૬ કિલોમીટર છે. એનવીએસ : ૦૩ સેટેલાઈટ નેવીશન સિરિઝનો ત્રીજો સેટેલાઈટ છે. એનવીએસ : ૦૩ સેટેલાઈટ જીએસએલવી : એફ ૧૮ રોકેટ દ્વારા ૨૦૨૬ની ૩૦, ઓક્ટોબરે તરતો મૂકવામાં આવ્યો છે.ઈસરોનાં સૂત્રોએ એવી માહિતી આપી છે કે અમે અમારા એનવીએસ : ૦૩ સેટેલાઈટને તેની નિશ્ચિત ભ્રમણકક્ષામાં સફળતાથી પહોંચાડવા માટે કુલ ચાર વખત સફળ પ્રયોગ કર્યા હતા. આ પ્રયોગમાં લિક્વિડ એપોજી મોટર(એલએએમ) એન્જિનને ૬,૧૬૪ સેકન્ડ્ઝ સુધી બર્ન કરવામાં આવ્યું હતું. સેટેલાઈટને તેની નિશ્ચિત ભ્રમણકક્ષામાં લઈ જવા માટે આવા એલએએમ કેમિકલ રોકેટનો ઉપયોગ થાય છે. આવું એલએએમ કેમિકલ રોકેટ સેટેલાઈટમાં જ ગોઠવવામાં આવ્યું હોય છે. ઈસરોનાં સૂત્રોએ એવી મહત્વની માહિતી પણ આપી છે કે એનવીએસ : ૦૩ સેટેલાઈટ હવે તેની નિશ્ચિત ભ્રમણકક્ષામાં સફળતાથી પહોચી ગયો હોવાથી તેની નેવીગેશનની કામગીરી પણ બહુ જલદી શરૂ કરશે. એટલે કે આ સેટેલાઈટની મદદથી હવે ભારતે નાગરિક, વેપારી, વ્યૂહાત્મક વગેરે ક્ષેત્રોમાં સચોટ સમય, દિશા સૂચન, સ્થળની સચોટ માહિતી માટે વિદેશી અને ખાસ કરીને અમેરિકા પર આધાર રાખવો નહીં પડે. અત્યારસુધી ભારત તેની ગ્લોબલ પોઝીશનિંગ સિસ્ટમ(જીપીએસ) સેવા માટે અમેરિકા પર આધાર રાખવો પડતો હતો.હવે આ સેટેલાઈટ સિસ્ટમ દ્વારા ભારત તેનાં તમામ સ્માર્ટફોન્સ, સ્માર્ટ વોચ, રેલવે, વિમાન વ્યવહાર, માર્ગ વાહન વ્યવહાર, મેરી ટાઈમ, વોટર વેઝ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, બચાવકામગીરી વગેરે ક્ષેત્રોમાં બહુ સચોટ અને ઉપયોગી સેવા આપશે. સૌથી મહત્વની સેવા એ છે કે એનવીએસ : ૦૩ સેટેલાઈટ સિસ્ટમ દ્વારા ભારત તેની આજુબાજુના ૧,૫૦૦ કિલોમીટરના વિશાળ પરિસરમાં ક્યાં અને શું શું થાય છે તેના પર બાજનજર પણ રાખી શકશે.

તંત્રી લેખ

કોઈ સીમા જોયા વિના અમેરિકા પર હુમલો કરીશું! ટ્રમ્પની ધમકી બાદ ઈરાનનો પણ પડકાર

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે. ઈરાની સેનાએ ચેતવણી આપી છે કે વોશિંગ્ટન ફરી હુમલો કરશે તો દુનિયાના કોઈપણ વિસ્તારમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવવામાં આવશે. ઈરાનના પ્રવક્તા મોહમ્મદ અકરમિનિયાએ શનિવારે આ ચેતવણી આપી હતી. ટ્રમ્પે પણ ઈરાન સામે વધુ સૈન્ય કાર્યવાહીની ધમકી આપી છે. બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ માટે પરોક્ષ વાતચીત પણ ચાલી રહી છે.અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર તણાવ વધી રહ્યો છે. ઈરાની સેનાએ અમેરિકાને ચેતવણી આપી છે કે જો વોશિંગ્ટન ફરી હુમલો કરશે તો દુનિયાના કોઈપણ વિસ્તારમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવવામાં આવશે. ઈરાનનો દાવો છે કે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈઝરાયલ સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી તેની સૈન્ય ક્ષમતા વધી છે અને હવે તેની સેના પહેલાં કરતાં વધુ મજબૂત છે. ઈરાની સેનાના પ્રવક્તા મોહમ્મદ અકરમિનિયાએ શનિવારે આ ચેતવણી આપી હતી. સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનેઈના આદેશ પર ઈરાની સેનાનો જવાબ તાત્કાલિક અને અસરકારક હશે. અમેરિકાના સૈન્ય મથકો મધ્ય પૂર્વની બહાર હશે તો પણ તેમને નિશાન બનાવવામાં આવશે.અકરમિનિયાએ કહ્યું કે અમેરિકા અને ઈઝરાયલ સાથેના સીધા સંઘર્ષમાંથી ઈરાની સેનાએ અનુભવ મેળવ્યો છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વઘઈ ખાતે દેશી ગાયના ગોબરમાથી વિવિધ મૂલ્યવર્ધિત વસ્તુઓ બનાવવાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું




આહવા: ૦૭: ડાંગ જિલ્લાના વઘઈ ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડૂતો અને મહિલાઓના ઉત્કર્ષ માટે હર હમેશ પ્રયત્નશીલ રહે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા વિવિધ તાલીમો દ્વારા પ્રેરણા આપતું રહે છે સાથે સાથે ડાંગ જિલ્લાની દેશી ગાયના ગોબરમાથી વિવિધ મૂલ્યવર્ધિત વસ્તુઓ બનાવવા માટે તાલીમોનું આયોજન કરતું રહે છે. આ પ્રયત્નના ભાગ રૂપે તા. ૦૨/૧૧/૨૦૨૬ થી ૦૬/૧૧/૨૦૨૬ દરમિયાન દેશી ગાયના ગોબરમાથી વિવિધ મૂલ્યવર્ધિત વસ્તુઓ બનાવવાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં ડો. હર્ષદ એ. પ્રજાપતિ, વૈજ્ઞાનિક (બાગાયત) ના માર્ગદર્શન હેઠળ શ્રી કેશુભાઈ મોકરિયા, સારથી સંસ્થા દ્વારા મહિલાઓને દેશી ગાયના ગોબરમાથી વિવિધ મૂલ્યવર્ધિત વસ્તુઓ જેવી કે, ધૂપબતી, શ્રીયંત્ર, ગણેશજી, અમૃતબિંદુ, ગોનાઈલ, શુભ-લાભ પ્રતિકૃતિ જેવી વિવિધ બનાવટની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં વિવિધ જીઊંથ્ની મહિલા તથા ખેડૂત ભાઈઓ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો અને દેશી ગાયના ગોબરમાથી વિવિધ મૂલ્યવર્ધિત વસ્તુઓ બનાવીને દેશી ગાયની ઓલાદના સંવર્ધન તથા બચાવ માટેનો સંકલ્પ કર્યો હતો. આ તાલીમમાં ૧૫ થી વધુ મહિલા અને ખેડૂતોએ ભાગ લોધો હતો.
















ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



N. O. G. S. S. No.0102.
વિષયઃ- પ્રકાશનું પર્વ અને સાંસ્કૃતિક વારસો.
શીર્ષકઃ- દિપોત્સવી આપણો સાંસ્કૃતિક વારસો.
પ્રકાર :-ગદ્ય. શબ્દઃ-૩૦૦.

આમ તો દિવાળીના દિવસોની શુભ શરૂઆત એકાદશી થી શરૂ થાય છે બીજે દિવસે વાકબારસ ત્યાર પછી ધનતેરસ , કાળી ચૌદસ ,દિવાળી, બેસતુ વર્ષ ભાઈબીજ, લાભપાંચમ આમ આ દિવસો એ પવિત્ર ગણાય છે.

લંકા વિજય કરી રામચંદ્રજી અયોધ્યા પધાર્યા ત્યારે અયોધ્યા વાસીઓએ ખૂબ જ અયોધ્યાને શણગારી દીવાઓ પ્રગટાવી અને ખૂબ ધામધૂમથી આ દિવસની ઉજવણી કરી હતી ત્યારથી આપણે દિવાળીનો ઉત્સવ ઉજવીએ છીએ.

બલિરાજ પાસેથી ભગવાને ત્રણ ડગલાં ભરી અને આખી પૃથ્વી માગી લીધી હતી તે પણ આ જ દિવસોમાં.

શ્રી કૃષ્ણ ભગવાને નરકા સુર નો વધ કરી અને સોળ હજાર એક સો જેટલી સ્ત્રીઓને કેદમાંથી મુક્ત કરાવી હતી એ પણ આ દિવસોમાં બનેલો પ્રસંગ છે.

આમ આ દિવસ એ આપણે સાંસ્કૃતિક વારસાની પણ સમજણ આપે છે હંમેશા અસત્ય ઉપર સત્યનો વિજય છે. તેવુ આ બધી ઘટનાઓમાં દર્શાવવામાં આવ્યું છે. દિવાળીના પર્વને દિવસે અંધકારમાથી પ્રકાશ તરફ જવાની એક સુંદર પ્રક્રિયા છે. જેવા કર્મ કરો તેવું જ ફળ પ્રાપ્ત થશે તે પણ દિવાળીનો એક સંદેશ છે.

મનમાંથી કામ ,ક્રોધ, માયા, ઈર્ષા, અદેખાઈ, અહંકાર, અભિમાન વગેરેનો ત્યાગ કરી અને માનવ માનવ વચ્ચે મૈત્રી ભાવ રાખી આનંદથી જીવો બીજાને જીવવા દો.

દિવાળીના તહેવારોમાં લોકો આનંદ કરે ,સુંદર કપડાં પહેરે મકાન શણગારે લાઇટ ડેકોરેશન કરે જુદા જુદા પ્રકારની મીઠાઈઓ બનાવી એકબીજાની આપ લે કરે એકબીજાને શુભેચ્છા પાઠવે.

દેવ મંદિરોમાં ખૂબ જ સુંદર રંગોળી, શણગાર દિપો વિગેરે પ્રગટાવવામાં આવે છે. ખુબ સુંદર આયોજન કરવામાં આવે છે. ભગવાનને જુદા જુદા વસ્ત્રો અલંકારો ધારણ કરાવવામાં આવે છે. છપ્પન પ્રકારના ભોગ અન્નકૂટ તરીકે ભગવાનને ધારાવવામાં આવે છે. લોકો પણ પોતાના ઘરે પોતાના જે ઠાકોરજી હોય છે તેને ત્યાં જુદી જુદી વાનગીઓ બનાવી અને હાટડી ભરી અને લોકોને દર્શન માટે બોલાવે છે. બેસતા વર્ષના દિવસે લોકો એકબીજાને શુભેચ્છા પાઠવે છે અને નવા વર્ષની નવા ઉત્સાહ સાથે શરૂઆત થાય છે. ભાઈ બીજના દિવસે બહેન ભાઈને શુભેચ્છા પાઠવે છે. આમ દીપોત્સવી એ આપણો જુનો પરંપરિક વારસો છે તેને જાળવવો જરૂરી છે.
રતીલાલ વાયડા (રોડપાલી, નવી મુંબઈ.)

★★★★★★
NOGSSN 0089
વિષય પ્રકાશનું પર્વ સંસ્કૃતિનો અમૂલ્ય વારસો
શીર્ષક નૂતન વર્ષ ૧૧૫
ગદ્ય શબ્દો

વિક્રમ સંવત ૨૦૮૩, નૂતન વર્ષ પ્રારંભ . સહુને શુભારંભની શુભેચ્છા. નવા વર્ષમાં પગરણ માંડ્યા જરૂર ઈશ્વરની કૃપા માનવી.

ચાલો ત્યારે જીવનમાં પ્રગતિના સોપાન સર કરતા રહીએ. સ્વાર્થી ન બનતા સમાજના ઉત્થાનમાં ફાળો નોંધાવીએ.

ટીપે ટીપે સરોવર ભરાય. ભારતમાં રહેનાર દરેક વ્યક્તિ પોતાના ગજા પ્રમાણે પોતાનો ફાળો નોંધાવવા સક્ષમ છે.

આઝાદી પછી થયેલી આપણા દેશની પ્રગતિ એ દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે. તેના પાયામાં આપણી સંસ્કૃતિનો અમર વારસો છે. તેની કદર કરતા શીખવું જરુરી.

દેશ પ્રત્યે વફાદારી આપણને ગળથૂથીમાં મળ્યા છે. માતૃભૂમિ માટે આદર અને પ્રેમ આપણી સભ્યતાની સીડી છે.

નવું વર્ષ તેમાં દિન પ્રતિદિન પ્રગતિ કરતું જણાય. પવિત્ર ભારતની ભૂમિ પર આપણો જન્મ સાર્થક થાય.

આપણને મળેલ સંશકૃતિનો વારસો વંશ પરંપરાગત ઉત્તરોત્તર વધતો રહે તેવી અંતરની પ્રાર્થના
જયહિંદ
પ્રવિણા અવિનાશ

★★★★★★
NO?G SS NO- 382
વિષય-પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો.
રચના : ગદ્ય શબ્દ- ૨૯૫
શીર્ષક-આવી દુલારી દિવાળીપ

ઘર અને મન કર્યું સાફ આજ વાળી
શોભે છે ચોક રૂડો,
લઈ ભાતી રંગોળી
હૈયા ને હોઠે હો ઉજાણી
આવી દુલારી દિવાળી

ઉત્સવ એટલે ઉત+ સવ. ઉત્ એટલે ઉપર ને સવ એટલે પ્રાણ. જે આપણી પ્રાણ ઊર્જાને વિકસિત કરે તે ઉત્સવ. જીવનના ઉલ્લાસનો આ તહેવાર એટલે આપણો દીપોત્સવ.
દિવાળીના પાંચ દિવસ હિંદુ સમાજ માટે બહુ મોટા ગણાય છે. વાઘબારશ, ધનતેરશ, કાળી ચૌદશ, દિવાળી અને બેસતું વર્ષ.

શ્રી રામચંદ્રજી વનગમન બાદ , રાવણ એટલે આસુરી શક્તિઓ પર વિજય મેળવી અયોધ્યા પધાર્યા, ત્યારે નગરજનોએ ઘેર ઘેર દીવાઓની હારથી નગરને ઝગમગાવી દીધું. આ હર્ષોલ્લાસ એટલે જ દીપાવલીનો તહેવાર.

આંગણામાં રંગોળી, ૐ, શ્રી ,ત્રિશૂળ,કમળ, શંખ, કલ્પવૃક્ષ, ચક્ર ને કુંભ, ભારતીય સંસ્કૃતિનાં મંગલ પ્રતિકો, બારણા પર, શાખે કે ઉંબરેથી, સંસારે પર્વ આગમનની છડી પોકારે. પ્રાચીન કથાઓ, બલિરાજા, શ્રીકૃષ્ણ લીલા સંગ દીપોત્સવ, સાચે જ તહેવારોનો રાજા બની મ્હાલે છે.

ખીલી છે રજની નભે ઝગમગી, તારે સુહાની મઢી
ને દીવા ઝબકે ગૃહે ઝળહળી, આવી જ દીપાવલી

દેજો ભાવ ભર્યા રૂડા ઉમળકા, ઉજાશ પર્વે દિલે
વર્ષાન્તે સરવૈયું હાથ ધરજો, લાભ્યા તમે શું જગે

દિવાળી એટલે નવા પરિધાનો પહેરી, પરમ શક્તિઓને પ્રાર્થી, મેળામાં મહાલવાનું પર્વ. પુરુષાર્થનું સરવૈયું અને મહા ઉજાશને ઝીલવાનું ટાણું એટલે આ ગૌરવવંતું પર્વ દિવાળી.
લોકો નવો પાક પકવેને સમાજીક જીવનમાં લક્ષ્મીજી નવચેતના ધરે. વેરઝેર છોડી સંબંધોને મીઠાસથી ભરવાની શરૂઆત, સબરસથી વધાવવાનો આનંદ દે એ દિવાળી.
શાસ્ત્ર કહે છેપશ્રયતિ ઈતિ શ્રી– જે સ્થિર ટકે તે શ્રી. આવી લક્ષ્મી સંસ્કારથી જ ટકે. આવો જ્ઞાન ઉજાશે, મા લક્ષ્મીજીને પ્રાર્થીએ કે સૌને ખુશહાલ રાખે.
દેશ છોડી પરદેશમાં વસેલા હર ભારતીય, આજે દિવાળી પર ઝગમગ વીજ તોરણો લગાવ્યા વગર રહેતા નથી. મંદિરો આધુનિક રીતે પોતાને સજાવે છે, ગંગાઘાટ પર , સરયુ કે સરવર પાળે સાંયકાળે , એકી સાથે પ્રગટાવતા દીવાઓની હારમાળા, ચોપડા પૂજનને કોમ્પ્યુટર પૂજનથી, મંગલ ભાવના સાથે નવાવર્ષના શુભારંભે, નવયુગે તાલમિલાવતી, દિવાળીની રાત્રી, આશા ને સંસ્કારોનો સંદેશો દઈ જાય છે.

રમેશ પટેલ(આકાશદીપ)/ USA
★★★★★★★
NOGSS NO : 407
વિષય : પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષક : "અંતઃકરણમાં સદગુણો નાં વારસાનો દિપક પ્રગટાવીએ"
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૫૧

રૂમઝૂમ કરતી આવી ઉજાસ ફેલાવતી દિવાળી, પાછળ પછાડીને અંધકારભરી ચૌદસ સાવ કાળી.

રાવણને રોળીને પ્રભુ શ્રીરામ પરત ફર્યાં હતાં ને નગરજનોએ દિપ પ્રગટાવીને હોંશભેર ઉજવી હતી અયોધ્યામાં ઝળહળતી દિવાળી.

આજે જ્યારે સત્તામાં રહેલાં જૂજ રાવણો વિશ્વને ગરીબી, બેકારી, ભૂખમરો, ભ્રષ્ટાચાર, ધર્માંધતા, અનીતિ અને દુરાચાર નાં નાગચૂડમાં સજ્જડ કચડી રહ્યા છે ત્યારે આપણે સૌ સૂજ્ઞ જનો આ સળગતી સમસ્યાનાં પ્રસારનું પહેલાં તો માપ લઈએ.

ને પછી અંતઃકરણમાં વિશ્વાસનો, એક મેકની હૂંફનો, આદર અને લાગણીનાં તેલની ધાર માં તરબતર સાવ નોખો, પ્રકાશનો ઊજળો દિવો પ્રગટાવીએ.

દયા, કરુણા, માન, મર્યાદા, સન્માન, આદર સત્કાર, સર્વધર્મ સમભાવ ને માણસમાત્ર ની સમાનતા નાં સદગુણો નાં વારસાને ઝગમગાવતો એને સજાવીએ.

અને માણસાઈ નાં પ્રકાશથી બનેલી એક જ્યોતિથી બીજી, ત્રીજી એમ લાખો કરોડો જ્યોતિને સળગાવતા દુનિયાને ખુશખુશાલ, આનંદમયી, ઉજાસ અને ઉલ્લાસ ભરી બનાવીએ.

સાથે કલમની તાકાતથી આપણી સંસ્કૃતિનાં સાચા વારસાને ઉજાગર કરી લોકોમાં સાચી સમજ અને શાલીનતા નું અજવાળું ફેલાવી દુનિયાને રહેવાલાયક બનાવીએ.

મનન શાહ, "મનસ"
અમદાવાદ.

★★★★★★
NOGSS NO: 345
વિષયઃદિવાળી -પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃદિવાળી
પ્રકારઃગદ્ય - શબ્દોઃ૩૫૦

દિવાળી એટલે માત્ર એક તહેવાર નહિ, એ એક લાગણી છે. વર્ષ આખાની રાહ જોયા પછી જ્યારે આસો
આભાર - નિહારીકા રવિયા મહિનાની અમાસ આવે, ત્યારે આખું ભારત એક સાથે ઝળહળી ઉઠે છે. ઘરના આંગણામાં દીવડા, બારીમાં લટકતી લાઈટો, અને હૈયામાં એક નવી આશા. દિવાળી પ્રકાશનું પર્વ છે. પણ પ્રકાશ એટલે શું? માત્ર દીવો પ્રગટાવવો એ પ્રકાશ નથી. સાચો પ્રકાશ તો અંદરનો છે. અંધારું બે પ્રકારનું હોય છે, એક બહારનું, જે દીવો દૂર કરે છે. અને બીજું અંદરનું, જે આપણા મનમાં હોય છે, અહંકારનું, લોભનું, ઈર્ષાનું, ગુસ્સાનું. દિવાળી એ દિવસ છે જ્યારે આપણે બંને અંધારા દૂર કરવાનો સંકલ્પ કરીએ છીએ.

આપણી સંસ્કૃતિનો વારસો એ જ છે. રામ જ્યારે ૧૪ વર્ષના વનવાસ પછી અયોધ્યા પાછા આવ્યા, ત્યારે નગરજનો એ દીવા પ્રગટાવ્યા. એ દીવા માત્ર રામના સ્વાગત માટે નહોતા, એ દીવા એ વાતનું પ્રતીક હતા કે અંધકાર ગમે તેટલો લાંબો હોય, પ્રકાશ તો પાછો આવવાનો જ છે. સત્યનો હંમેશા વિજય થાય છે.

હવે દિવાળી બદલાઈ રહી છે. પહેલા દિવાળી એટલે ઘરે બેસીને સાથે જમવું, સાથે વાતો કરવી. હવે દિવાળી એટલે મોબાઈલમાં સ્ટેટસ મૂકવું, ફોટા પાડવા, ઓનલાઈન શોપિંગ કરવું. દીવડા ઓછા થયા છે, લાઈટો વધી ગઈ છે. માટીના દીવા ઓછા થયા છે, ચાઈનીઝ લાઈટો વધી ગઈ છે. શું આ પ્રગતિ છે કે આપણા વારસાનું પતન?

સંસ્કૃતિનો વારસો એટલે માત્ર જૂની વસ્તુઓ સાંચવવી એવું નથી. વારસો એટલે જૂના મૂલ્યોને નવા જમાનામાં જીવતા રાખવા. આપણે આપણા બાળકોને શું આપીશું? ફટાકડાનો અવાજ કે દીવાનો પ્રકાશ? બાળકોને જો આપણે શીખવ્યું કે દિવાળી એટલે બીજાનું દુઃખ દૂર કરવું, બીજાના ઘરમાં પ્રકાશ પાથરવો, તો જ આપણો વારસો સાચો જળવાશે.

એ જ તો આપણી સંસ્કૃતિ છે, વસુધૈવ કુટુંબકમ્. આખી દુનિયા એક પરિવાર છે. દિવાળીના દીવા એ જ કહે છે, તું એકલો નથી, આખું જગત તારી સાથે પ્રકાશમાં છે.

આ દિવાળીએ એક સંકલ્પ કરીએ. એક દીવો ઘરમાં, એક દીવો મંદિરમાં, એક દીવો કોઈ ગરીબના ઘરમાં. એક દીવો આપણા અહંકારને બાળવા માટે, એક દીવો આપણા પ્રેમને વધારવા માટે. પ્રકાશનું પર્વ ત્યારે જ સાર્થક થશે જ્યારે આપણો વારસો જીવતો રહેશે. દીવો બુઝાઈ જશે, પણ દીવાનો પ્રકાશ જો કોઈના હૈયામાં ઉતરી જશે, તો એ ક્યારેય બુઝાશે નહિ. એ જ તો સાચી દિવાળી છે.
હંસા ઝાલા "લાગણી"(સુરત)

પશ્ચિમના રવાડે ચઢેલી પેઢીને હિન્દૂ તિથિ કરતા અંગ્રેજી તારીખોમાં વધારે રસ છે



અમદાવાદ : એક જમાનામાં ડફ્ફાવાળા કેલેન્ડરની ભારે બોલબાલા હતી.એક જાડા પૂંઠાવાળું ભગવાનના ફોટાવાળુ કેલેન્ડર કે જેના નીચેના ભાગે ૩૬૦ (+ ૩૦, જયારે અધિક મહિનો હોય ત્યારે) પાનાવાળો તિથિ અને તારીખ દર્શાવતો ડફ્ફો મોટી સ્ટેપલર પીનથી લગાવેલો હોય..! આ ડફ્ફાના પાનામાં ગુજરાતી મહિના પ્રમાણેની તિથિ, તારીખ, વાર, જે તે દિવસના તહેવારની વિગત, જે તે દિવસનો મહિમા, મુસ્લિમ અને પારસી કેલેન્ડર પ્રમાણે જે તે ધર્મનો મહિનો અને દિવસ, દરરોજના એ નાનકડા પાનીયામાં બંનેય તરફ અનુક્રમે દિવસ અને રાત્રીના ચોઘડિયાની વિગતો અને પાનીયાના નીચેના ભાગમાં સુવાક્યો પણ રહેતા.

આ તિથિ - તારીખનો ડફ્ફો મોટાભાગે સામાન્ય પાતળા કાગળનો રહેતો.મોટાભાગે એ ડફ્ફાના પાનીયા ચોરસ આકારના રહેતા.ક્યારેક તે અવનવા ચિત્તાકર્ષક કરકરીયાવાળા રહેતા અને તેની ધારીઓ અવનવા રંગથી રંગેલી રહેતી. એક જમાનામાં જે તે વેપારીઓ દર વર્ષે આવું કેલેન્ડર પોતાના કાયમી ગ્રાહકોને દિવાળીની ભેટ તરીકે અચૂક આપતા. ડફ્ફાવાળા કેલેન્ડરનો હેતુ કદાચ એ પણ હશે કે કેલેન્ડરના ડફ્ફાનું પાનીયુ ફાડવાના બહાને સવાર સવારમાં તમે ભગવાનના દર્શન કરી શકો... અને જે તે વેપારીઓને અને વેપારીઓની દુકાનને પણ યાદ કરો. સમય જતા કોઈક વેપારીના ધ્યાને પોતાના કાયમી ગ્રાહકોને દર વર્ષે નવા કેલેન્ડર આપવાના બદલે માત્ર નવો ડફ્ફો જ આપવાની શરૂઆત કરી દીધી...જેથી આખા કેલેન્ડરનો ખર્ચ બચાવી શકાય !એ વિચાર અન્ય વેપારીઓએ પણ સહર્ષ સ્વીકારી લીધો અને અમલમાં પણ મૂકી દીધો...અને એ સાથે જ બજારમાં નવા વર્ષે માત્ર તારીખિયાનો ડફ્ફો આપવાનો એક નવો ટ્રેન્ડ શરુ થયો!

મોટા પંચાંગનો જન્મ તો બહુ વહેલો થઈ ગયો હતો... પહેલા દરેક ઘરમાં મોટુ પંચાંગ હાજર રહેતું. મોટા પંચાંગ મોંઘા થતા લોકોએ એ ખરીદવા બંધ કર્યા. ક્યારેક ઘરના સભ્યો દ્વારા જ એમ કહેવાતું કે પંચાંગ ખરીદીને ઘરમાં પસ્તી જ વધારવાની ને...?! લોકોનો મૂડ પારખીને પંચાંગના પ્રકાશકોએ નાનું પંચાંગ બહાર પાડવાની શરૂઆત કરી...જેમાં ડફ્ફાવાળા કેલેન્ડરના પાનીયા કરતા વધુ વિગતો અપાતી.
બસ એ સાથે જ લોકો ડફ્ફાવાળા કેલેન્ડર ની જગ્યાએ નાના પંચાંગ રાખતા થઈ ગયા. બસ ત્યારે જ કાલનિર્ણય અને તિથિતોરણ જેવા પંચાંગની અને ડફ્ફાવાળા કેલેન્ડરની ગરજ સારે તેવા કેલેન્ડરની શોધ થઈ અને બજારમાં આવ્યા. તિથિતોરણ કે કાલનિર્ણય ઘરના કોઈક ખૂણાની દીવાલની ખીંટીએ આખુયે વરસ પાના ફેરવાયા વગર એમ જ લટકતા રહી જાય છે ! જે ઠસ્સો અને જે ઠાઠ ડફ્ફાવાળા કેલેન્ડરનો હતો એ ઠસ્સો કે ઠાઠ નાના - મોટા પંચાંગ કે તિથિતોરણ અને કાલનિર્ણય આજેય મેળવી નથી શક્યા...!

જો કે બીજો અગત્યનો મુદ્દો એ પણ છે કે પશ્ચિમના રવાડે ચઢેલી પેઢીને હિન્દૂ તિથિ કરતા અંગ્રેજી તારીખોમાં વધારે રસ છે. એટલે ડફ્ફાવાળા કેલેન્ડર, નાનામોટા પંચાંગ કે તીથીતોરણ જેવા કેલેન્ડરની હવે ગરજ રહી નથી.(પોતાની જન્મતિથિ અને જન્મનો મહિનો અને સંવત વર્ષ આજે કેટલાને યાદ હશે..?!
જોકે મને તો મારી જન્મતિથિ યાદ છે આસો સુદ તેરસ, સંવત ૨૦૧૧) પણ એ હકીકત છે કે...વર્ષો પહેલા અને વર્ષો સુધી દરેક હિન્દૂ ઘરમાં એકચક્રી રાજ કરતું ડફ્ફાવાળું કેલેન્ડર આજે લગભગ ખોવાઈ ગયું છે.-
વસંત મહેતા (દાદુ)





સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

દિવાળી
અને
નૂતનવર્ષની
શુભકામનાઓ

વિકસિત ગુજરાતથી
વિકસિત ભારત





હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

પ્રગતિનું પંચામૃત

ખેડૂત કલ્યાણ
અન્નદાતાની મહેનતને મળ્યો ટેક્નોલોજીનો સાથ: i-Khedut 2.0 પોર્ટલ, 'કૃષિ પ્રગતિ' ઍપ અને AI ચેટબોટ દ્વારા ખેતીમાં ડિજિટલ ક્રાંતિ

આરોગ્ય સુવિધા
જન-જનને મળશે શ્રેષ્ઠ સારવાર: ₹૧૦ લાખના સુરક્ષા કવચ અને આધુનિક હૉસ્પિટલોથી સક્ષમ બનતું ગુજરાત

વિકાસના માર્ગે યુવાધન
- યુવાઓને મળ્યો ટેકનોલોજીનો સાથ: સેમિકંડક્ટર હબ અને ડેટા સેન્ટર પૉલીસીથી નવી ટેક-ક્રાંતિનું કેન્દ્ર બન્યું ગુજરાત
- સ્પોર્ટ્સ ક્ષેત્રે અગ્રેસર ગુજરાતઃ વૈશ્વિક કક્ષાના સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર થકી કૉમનવેલ્થ માટે સજ્જ ગુજરાત

શિક્ષિત ગુજરાત
નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન યોજનાથી રાજ્યના વિદ્યાર્થીઓનું ભવિષ્ય બનશે ઉજ્જ્વળ

મહિલા સ્વાવલંબન
સુરક્ષિત અને સ્વાવલંબી નારીઃ સ્વ-સહાય જૂથો અને આત્મનિર્ભરતા દ્વારા આર્થિક રીતે પગભર બનતી રાજ્યની 'લખપતિ દીદીઓ'


"આ દિવાળીએ સ્વદેશીનો દીપ પ્રગટાવી, આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સાકાર કરીએ અને વિકસિત ગુજરાતની નવી રોશની ફેલાવીએ."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સફાઈ કર્મચારીઓને રૂ. ૧૦,૦૦૦ નું રોકડ ઇનામ એનાયત કરાયું

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા જાળવવામાં નિષ્ઠાપૂર્વક અને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સફાઈ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે એક વિશેષ સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત પ્રત્યેક વોર્ડમાંથી પસંદગી પામેલા એક ઉત્કૃષ્ટ સફાઈ કર્મચારીને માનનીય મેયરશ્રીના વરદ હસ્તે રૂપિયા ૧૦,૦૦૦ નું રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય હેતુ શહેરની સફાઈ વ્યવસ્થામાં અહર્નિશ ફાળો આપતા કર્મયોગીઓની કામગીરીને બિરદાવવાનો અને તેમના શ્રમને યોગ્ય સન્માન આપવાનો છે.આ સન્માન સમારોહમાં શહેરના માનનીય



મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સત્તાપક્ષના નેતાશ્રી તથા આસિસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી (સેનિટેશન) સહિત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સફાઈ કર્મચારીઓની અથાક મહેનત, નિષ્ઠા અને ઉત્કૃષ્ટ સેવાઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. શહેરને હંમેશા સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ રાખવામાં આ સફાઈ કર્મીઓનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે, ત્યારે તેઓની આ નિષ્ઠાને સન્માનિત કરી અન્ય કર્મચારીઓને પણ ઉત્તમ કામગીરી કરવા માટે પ્રેરણા પૂરી પાડવાના આશયથી આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે માનનીય મેયરશ્રીએ ઉપસ્થિત તમામ સફાઈ કર્મચારીઓને દિવાળીના પાવન પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તહેવારની ખુશીઓમાં સહભાગી બનવા અને પારિવારિક ભાવનાને દૃઢ કરવાના ઉમદા હેતુથી મહાનગરપાલિકા દ્વારા તમામ સફાઈ કર્મચારીઓને મીઠાઈનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના પ્રોત્સાહક કાર્યક્રમો થકી સફાઈ કર્મચારીઓનો ઉત્સાહ વધારવા અને ગાંધીનગરને વધુ સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે મહાનગરપાલિકા સતત કટિબદ્ધ છે.



દિવાળી અને નૂતન વર્ષના તહેવારો દરમિયાન અંબાજી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. બેસતા વર્ષના દિવસે માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવશે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે અખબારી યાદીમાં આ માહિતી આપી છે. યાત્રાળુઓની સુવિધા માટે સમય બદલાયો છે. ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટરે માઈભક્તો તથા જાહેર જનતાને બદલાયેલા સમયની નોંધ લેવા જણાવ્યું છે.

આરાધના બચત સહકારી મંડળી લી.૭૬૫ મી બ્રાંચ હવે વીરાતલાવડી ગામમાં શરુ કરવામાં આવી...



તારીખ ૦૬/૧૧/૨૬ શુક્રવારના રોજ સવારે ૧૦ વાગે પરમાર વાસ, મહાકાલી માતાના મંદિર સામે, ગામ વીરાતલાવડી, મેદરા. તા. ગાંધીનગર ખાતે મૂહર્ત કરવામાં આવ્યું..બ્રાંચ મેનેજર શ્રી વિરાતલાવડી ઝરણાબેન દિલીપભાઈ પરમારના હાથે રીબીન કાપી ને આ બ્રાંચ શરુ કરવામાં આવી હતી આ શુભ પ્રસંગે મંડળીના (ઓડિટર) મુખ્ય મેહેમાન શ્રી દિલીપભાઇ ચાવડા, વીરાતલાવડી શાખાના મેનેજરશ્રી ઝરણાબેન, દિલીપભાઈ પરમાર નિકોલ બ્રાંચ મેનેજરશ્રી ભૂમિકાબેન શાહ, અર્પણભાઈ શાહ,









એટલાન્ટા સ્થિત ભારતીય કોન્સ્યુલેટ જનરલના પ્રાંગણમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાનું અનાવરણઃ ફોગા યુએસએ ની ઐતિહાસિક પહેલ







એટલાન્ટા, જ્યોર્જિયા ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬

ભારતીય-અમેરિકન સમુદાય માટે ગૌરવ અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી એક વિશિષ્ટ ઘટના તરીકે, ભારતના લોખંડી પુરુષ અને ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય સ્વતંત્ર પ્રતિમાનું અનાવરણ ૩૧, ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેમની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલના મુખ્ય પ્રાંગણમાં કરવામાં આવ્યું.

આ ઐતિહાસિક પ્રસંગે ભારતના માનનીય વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરજીના હસ્તે પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમેરિકામાં ભારતના માનનીય રાજદૂત શ્રી વિનય મોહન ક્વાત્રા, એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલ જનરલ ડૉ. સુમિત સેઠ, અમેરિકાના વિવિધ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતા આશરે પાંચ કોન્સ્યુલ જનરલો, ફોગા યુએસએ ના ઉપપ્રમુખ શ્રી હર્ષદ પટેલ, ફોગા યુએસએ ના અલાબામા પ્રતિનિધિ શ્રી પરેશ પટેલ તેમજ અનેક મહાનુભાવો, સામાજિક આગેવાનો અને ભારતીય-અમેરિકન સમુદાયના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અમારી જાણકારી મુજબ, ભારતની બહાર વિશ્વમાં કોઈ ભારતીય સરકારી રાજદ્વારી મિશનના પ્રાંગણમાં સ્થાપિત કરવામાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની આ પ્રથમ સ્વતંત્ર પ્રતિમા હોઈ શકે છે. આથી આ પ્રસંગ માત્ર ગુજરાતી ડાયસ્પોરા માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારતીય-અમેરિકન સમુદાય માટે વિશેષ ગૌરવ અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

ઐતિહાસિક પહેલ પાછળનું વિઝન અને નેતૃત્વ

એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલના પ્રાંગણમાં સરદાર વલ્લભભાઈ પટેલની સ્વતંત્ર પ્રતિમા સ્થાપિત કરવાનો વિચાર ફોગા યુએસએ ના પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને તેમણે આ સમગ્ર પહેલનું નેતૃત્વ કર્યું હતું.

સરદાર પટેલના રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટેના અપ્રતિમ યોગદાનને આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ્ય સન્માન મળે તે હેતુથી ડૉ. પટેલે આ વિચારને વાસ્તવિક સ્વરૂપ આપવાનો સંકલ્પ કર્યો. તેમણે પ્રારંભિક ચર્ચાઓથી લઈને કોન્સ્યુલેટ સમક્ષ પ્રસ્તાવ રજૂ કરવા, જરૂરી સંસ્થાકીય અને આર્થિક સંસાધનો એકત્રિત કરવા તથા માનવબળનું સંકલન કરવા સુધીની જવાબદારી વ્યક્તિગત રીતે સંભાળી હતી.

તેમના આ વિઝનને ફોગા યુએસએ ની એક્ઝિક્યુટિવ કમિટી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો સંપૂર્ણ સહયોગ અને સમર્થન મળ્યું હતું. ખાસ કરીને ડૉ. વાસુદેવ પટેલની જ્યોર્જિયા સ્થિત ફોગા યુએસએ ટીમે આયોજન, સંકલન, લોજિસ્ટિક્સ, પ્રતિમાના નિર્માણ, પરિવહન અને સ્થાપનાની તમામ કામગીરીમાં સતત અને અથાક મહેનત કરી હતી.

પ્રારંભિક વિચારથી લઈને અંતિમ અનાવરણ સુધી, ડૉ. પટેલ અને તેમની જ્યોર્જિયા ટીમે અત્યંત મર્યાદિત સમયમર્યાદામાં અનેક પડકારોનો સામનો કરીને આ કાર્ય પૂર્ણ કર્યું હતું. ફોગા યુએસએ ના રાષ્ટ્રીય નેતૃત્વ, એક્ઝિક્યુટિવ સભ્યો અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સામૂહિક સહયોગથી આ પહેલ એક સફળ સંસ્થાકીય સિદ્ધિ બની હતી.

આ પહેલ ડૉ. વાસુદેવ પટેલના વિઝનથી શરૂ થઈ, તેમની જ્યોર્જિયા ટીમની મહેનતથી આગળ વધી અને ફોગા યુએસએ ના રાષ્ટ્રીય નેતૃત્વના સામૂહિક સમર્થનથી સાકાર થઈ. આ સમગ્ર કાર્ય એ વાતનું ઉત્તમ ઉદાહરણ બન્યું કે જ્યારે નેતૃત્વ, સમર્પણ અને સામૂહિક શક્તિ એક હેતુ માટે એકત્રિત થાય ત્યારે ઐતિહાસિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે. એક વિચાર, એક સંકલ્પ અને એક સંગઠિત ટીમ — આ જ ફોગા યુએસએ ની સાચી તાકાત છે.

વિચારથી વાસ્તવિકતા સુધીઃ રાજદ્વારી સહયોગ

એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલમાં સરદાર પટેલની પ્રતિમા સ્થાપિત કરવાનો વિચાર સૌપ્રથમ તત્કાલીન કોન્સ્યુલ જનરલ શ્રી રમેશ બાબુ લક્ષ્મણન સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે આ પ્રસ્તાવને આવકાર્યો હતો.

ત્યારબાદ વર્તમાન કોન્સ્યુલ જનરલ ડૉ. સુમિત સેઠે પણ આ પહેલને પ્રોત્સાહન આપ્યું અને સંસ્થાકીય સહયોગ પૂરો પાડીને તેને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ફોગા યુએસએ એ ભારતમાંથી પ્રતિમાના નિર્માણની વ્યવસ્થા, તેને એટલાન્ટા સુધી પહોંચાડવાની જવાબદારી તથા આ સમગ્ર પ્રોજેક્ટને મર્યાદિત સમયમાં પૂર્ણ કરવા માટે જરૂરી વિવિધ કામગીરીનું સંકલન કરવાની જવાબદારી સ્વીકારી હતી.

ફોગા યુએસએ માટે આ માત્ર એક પ્રતિમા સ્થાપિત કરવાનો પ્રોજેક્ટ નહોતો, પરંતુ ભારતના એવા મહાન રાષ્ટ્રપુરુષને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની તક હતી, જેમણે પોતાની અદમ્ય ઇચ્છાશક્તિ, સાહસ અને અસાધારણ રાજકીય કુશળતાથી ૫૬૦ થી વધુ રજવાડાંઓને એકત્રિત કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું.

છ અઠવાડિયાની અવિરત મહેનતઃ વિઝનથી સાકાર સુધી

આ સમગ્ર પ્રોજેક્ટમાં સૌથી મોટો પડકાર અત્યંત મર્યાદિત સમય હતો. પ્રતિભાશાળી શિલ્પકારની પસંદગી, ડિઝાઇનને અંતિમ સ્વરૂપ આપવું, પ્રતિમાનું નિર્માણ, ભારતથી એટલાન્ટા સુધી પરિવહન અને સ્થાપનાની તૈયારી — આ તમામ કામગીરી માટે ટીમ પાસે માત્ર આશરે છ અઠવાડિયાનો સમય હતો.

ડૉ. વાસુદેવ પટેલના નેતૃત્વ હેઠળ ફોગા યુએસએ ની ટીમે ત્રણ અલગ-અલગ કલાકારો અને સ્ટુડિયોની કામગીરીનું મૂલ્યાંકન કર્યા બાદ નવી દિલ્હી નજીકના જાણીતા શિલ્પકાર શ્રી નરેશ કુમાવતની પસંદગી કરી હતી.

ડિઝાઇનને અંતિમ સ્વરૂપ આપવા માટે ફોગા યુએસએ ની ટીમ અને શિલ્પકાર વચ્ચે સતત ચિત્રો, ફોટોગ્રાફ્સ, ડિઝાઇનની વિગતો અને જરૂરી સુધારાઓ અંગે ચર્ચા અને આપ-લે કરવામાં આવી હતી. પ્રતિમામાં સરદાર વલ્લભભાઈ પટેલનું વ્યક્તિત્વ, ગૌરવ, નેતૃત્વ અને ઐતિહાસિક વારસો યોગ્ય રીતે પ્રતિબિંબિત થાય તે માટે વિશેષ કાળજી લેવામાં આવી હતી. ડિઝાઇનને અંતિમ સ્વરૂપ મળ્યું ત્યારે પ્રતિમાનું નિર્માણ અને શિપમેન્ટ પૂર્ણ કરવા માટે માત્ર આશરે બે અઠવાડિયાં બાકી હતાં. આટલી ટૂંકી સમયમર્યાદા હોવા છતાં શિલ્પકાર અને તેમની ટીમે અદભુત સમર્પણ અને મહેનતથી સમયસર કામગીરી પૂર્ણ કરી હતી.

અસાધારણ પરિવહન અને સ્થાપનાની કામગીરી

તૈયાર થયેલી પ્રતિમાનું વજન આશરે ૭૨૦ પાઉન્ડ હતું. પ્રતિમા મુખ્યત્વે તાંબા અને પિત્તળમાંથી બનાવવામાં આવી હતી, જ્યારે તેની મજબૂતી, સ્થિરતા અને લાંબા ગાળાની ટકાઉપણું જળવાઈ રહે તે માટે અન્ય ધાતુઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને ફોગા યુએસએ એ ભારતથી એટલાન્ટા સુધી પ્રતિમાના રાતોરાત હવાઈ પરિવહનની વિશેષ વ્યવસ્થા કરી હતી. સામાન્ય કાર્ગો પરિવહનની સરખામણીમાં આ વ્યવસ્થા ઘણી ખર્ચાળ હતી, પરંતુ ૩૧ ઓક્ટોબરના અનાવરણ કાર્યક્રમ પહેલાં પ્રતિમા સમયસર પહોંચે તે માટે આ જરૂરી હતું.

કોન્સ્યુલેટના પ્રાંગણમાં પ્રતિમાની સ્થાપના માટે પણ વિશેષ આયોજન અને સંકલનની જરૂર પડી હતી.

ફોગા યુએસએ આ પ્રસંગે આર્કિટેક્ટ અને મિત્ર શ્રી જયંતભાઈનો વિશેષ આભાર માને છે, જેમણે પ્રતિમાના પેડેસ્ટલ (ચબૂતરા)ની ડિઝાઈન તૈયાર કરી હતી. તેમજ શ્રી કૃષ્ણા પાલીવાલ અને તેમની કન્સ્ટ્રક્શન ટીમે પેડેસ્ટલ તથા સંબંધિત બાંધકામની કામગીરી જવાબદારીપૂર્વક પૂર્ણ કરી હતી.

આ તમામ વ્યક્તિઓની નિષ્ઠા, સહકાર અને સમર્પણના પરિણામે આ ઐતિહાસિક વિચારને કાયમી સ્મારકનું સ્વરૂપ આપી શકાયું.

રાજદ્વારી સહયોગ અને સામુદાયિક ભાગીદારી

ફોગા યુએસએ

આભાર - નિહારીકા રવિયા એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલનો સમગ્ર પ્રોજેક્ટ દરમિયાન મળેલા અમૂલ્ય સહયોગ, પ્રોત્સાહન અને માર્ગદર્શન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. ખાસ કરીને પેડેસ્ટલ સંબંધિત ખર્ચના એક ભાગ માટે સહાયરૂપ થવાની કોન્સ્યુલેટની ઉદાર ભાવનાની પણ ફોગા યુએસએ પ્રશંસા કરે છે. આ સહયોગી અભિગમે ઐતિહાસિક પ્રોજેક્ટને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ફોગા યુએસએકોન્સ્યુલ જનરલ ડૉ. સુમિત સેઠ, હેડ ઓફ ચાન્સરી શ્રીમતી નિશા અરોરા, ડેપ્યુટી કોન્સ્યુલ જનરલ શ્રી શ્રીજન શાંડિલ્ય, શ્રીમતી મીની નાયર, શ્રી શિવમ સિંહ તથા સમગ્ર કોન્સ્યુલેટ ટીમનો વિશેષ આભાર માને છે. આ તમામ અધિકારીઓએ પ્રોજેક્ટના દરેક તબક્કે અમૂલ્ય સહયોગ, માર્ગદર્શન અને મદદ પૂરી પાડી હતી.

કોન્સ્યુલેટના સહયોગ ઉપરાંત ફોગા યુએસએના નેતૃત્વ, અસંખ્ય સ્વયંસેવકો, સહયોગીઓ, દાતાઓ અને સમાજના શુભેચ્છકોના યોગદાનથી જ આ મહત્ત્વપૂર્ણ કાર્ય શક્ય બન્યું હતું.

પ્રાદેશિક ઓળખથી પરે એક રાષ્ટ્રીય શ્રદ્ધાંજલિ

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ગુજરાતમાં થયો હતો, પરંતુ તેમનો વારસો અને યોગદાન સમગ્ર ભારતનું ગૌરવ છે. તેઓ માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ સમગ્ર દેશના મહાન રાષ્ટ્રનેતા હતા. તેમની દૂરંદેશી, સાહસ, શિસ્ત અને રાષ્ટ્રીય એકતાની પ્રતિબદ્ધતાએ આધુનિક ભારતના પાયાને મજબૂત બનાવ્યો હતો.

તેમનું જીવન આપણને શીખવે છે કે એકતા માત્ર એક આદર્શ કે સૂત્ર નથી, પરંતુ તેને સામૂહિક કાર્ય અને જવાબદારી દ્વારા જીવનમાં ઉતારવી જરૂરી છે.

અમેરિકામાં વસતા ગુજરાતી ડાયસ્પોરા માટે આ પ્રતિમા આપણા મૂળ, સંસ્કૃતિ, વારસો અને આપણે જ્યાં રહીએ છીએ તે સમાજ પ્રત્યેની આપણી જવાબદારીનું ગૌરવપૂર્ણ પ્રતીક બની રહેશે.

ફોગા યુએસએમાને છે કે સરદાર પટેલની આ પ્રતિમા આવનારી પેઢીઓ માટે ભારતની એકતા, સંસ્કૃતિ, વારસો અને રાષ્ટ્રીય ગૌરવનું કાયમી પ્રતીક બની રહેશે.

ફોગા યુએસએઃ એક અવાજ, એક મંચ — સંગઠિત રહીશું તો શક્તિશાળી બનીશું

ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન્સ ઓફ (ફોગા યુએસએ) એ અમેરિકાભરમાં ૧૧૦ થી વધુ ગુજરાતી સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને અન્ય સંસ્થાઓને એક સામાન્ય મંચ પર જોડતું રાષ્ટ્રીય સંગઠન છે. ગુજરાતી સમાજને એક મંચ પર લાવવો, ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને વારસાનું જતન કરવું, યુવાનો અને મહિલાઓની ભાગીદારી વધારવી, સામાજિક સેવાકાર્યોને પ્રોત્સાહન આપવું, વ્યવસાય અને શિક્ષણ ક્ષેત્રે જોડાણ મજબૂત બનાવવું તથા ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવું એ ફોગા યુએસએના મુખ્ય ઉદ્દેશો છે.

સરદાર પટેલની આ ઐતિહાસિક પહેલ ની સ્થાપનાના મૂળભૂત સિદ્ધાંતો — એકતા, સામૂહિક નેતૃત્વ, સહકાર અને વ્યક્તિગત પ્રતિષ્ઠાથી ઉપર ઊઠીને સમાજસેવા —નું જીવંત ઉદાહરણ છે.

સામૂહિક સિદ્ધિઃ નેતૃત્વ, ટીમવર્ક અને એકતા ફોગા યુએસએ

 ના પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલે આ ઐતિહાસિક પહેલને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કેઃ

''આ પહેલની શરૂઆત સરદાર વલ્લભભાઈ પટેલને આંતરરાષ્ટ્રીય મંચ પર યોગ્ય સન્માન અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના એક વિચારથી થઈ હતી. અમારા ફોગાયુએસએ ના એક્ઝિક્યુટિવ કમિટી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, જ્યોર્જિયા ટીમ, રાષ્ટ્રીય નેતૃત્વ, સ્વયંસેવકો અને તમામ સહયોગીઓનો હું હૃદયપૂર્વક આભારી છું, જેમણે આ વિચારમાં વિશ્વાસ મૂક્યો અને તેને સાકાર કરવા માટે ખભેખભો મિલાવીને કામ કર્યું.

આ વિચારની શરૂઆત કદાચ મેં કરી હતી, પરંતુ તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવાનું શ્રેય અમારી સમગ્ર ટીમની સામૂહિક પ્રતિબદ્ધતા, સમર્પણ અને અથાક મહેનતને જાય છે. ખાસ કરીને મારી જ્યોર્જિયા સ્થિત ફોગા યુએસએટીમે આ પડકારજનક સફરમાં મારી સાથે રહીને જે રીતે સતત કામ કર્યું છે તે બદલ હું તેમનો વિશેષ આભારી છું.

એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલનો પણ તેમના અમૂલ્ય સહયોગ અને સમર્થન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ જ છે ફોગા યુએસએની સાચી ભાવના — એક અવાજ, એક મંચ અને એકતા.''

હ્યૂસ્ટનજીજી શિલ્પકાર, ડિઝાઇનર્સ, બાંધકામ ટીમ, કોન્સ્યુલેટના અધિકારીઓ, રાષ્ટ્રીય નેતૃત્વ, એક્ઝિક્યુટિવ સભ્યો, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સ્વયંસેવકો, દાતાઓ, સામાજિક સંસ્થાઓ, મિત્રો અને તમામ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે, જેમણે પોતાનો સમય, સંસાધનો અને મહેનત દ્વારા આ ઐતિહાસિક કાર્યમાં યોગદાન આપ્યું છે.


આજે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા એટલાન્ટા સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલના મુખ્ય પ્રાંગણમાં ગૌરવપૂર્વક ઊભી છે. તે ભારતના મહાન રાષ્ટ્રનેતાને કાયમી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે અને આવનારી પેઢીઓને સતત યાદ અપાવશે કે એકતા જ આપણી સૌથી મોટી શક્તિ છે.

ફોગા યુએસએ — એક અવાજ, એક મંચ. સંગઠિત રહીશું તો શક્તિશાળી બનીશું.

મીડિયા સંપર્કઃ

ડૉ. વાસુદેવ પટેલ પ્રમુખ ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન્સ ઓફ યુએસએ (ફોગા યુએસએ)

વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થરાદમાં ૩.૨૮૭ લાખના ખર્ચે નવનિર્મિત હડકાઈ માતાજી ગાર્ડનનું લોકાર્પણ કરાયું



ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થરાદ નગરપાલિકા વિસ્તારમાં લોકકલ્યાણ અર્થે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય સરકારની 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત અંદાજે રૂ. ૨૮૭.૦૦ લાખના ખર્ચે સાકાર થયેલ 'હડકાઈ માતાજી ગાર્ડન તથા લેક ડેવલપમેન્ટ'ની કામગીરીનું વિધિવત લોકાર્પણ કરી પ્રજાજનો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, છેવાડાના વિસ્તારો સુધી સુવિધાઓ પહોંચાડી નગરજનોના જીવનધોરણને વધુ સુવિધાસભર અને સમૃદ્ધ બનાવવું એ સરકારની મુખ્ય નેમ છે. શહેરી વિસ્તારમાં આવા મનોરંજન અને કુદરતી વાતાવરણ પૂરું પાડતા પ્રોજેક્ટ્સ નાગરિકોના આરોગ્ય અને બાળકોના માનસિક-શારીરિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે નગરપાલિકાની કામગીરીની સરાહના કરતાં સ્થાનિક લોકોને આ સુંદર પરિસરની સ્વચ્છતા અને જાળવણીમાં સહયોગ આપી પોતાની જાહેર મિલકત સમજી સંભાળ રાખવા અનુરોધ કર્યો હતો.

આ પ્રોજેક્ટ હેઠળ તળાવ અને ગાર્ડન પરિસરમાં સુંદર લેન્ડસ્કેપિંગ, આકર્ષક સ્ટ્રીટલાઈટ, નાગરિકો માટે સીટિંગ એરેન્જમેન્ટ, ગાઝેબો, એન્ટ્રી ગેટ તેમજ હયાત કમ્પાઉન્ડ વોલ અને ગ્રીલ રિનોવેશનની વિસ્તૃત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પરિસરના પ્રવેશદ્વાર પર વુડન ટાઈઝ ફેરો સિમેન્ટ ગેટ તેમજ ગાર્ડન કેમ્પસમાં ટેન્સાઈલ ગાઝેબો તથા વુડન ટાઈપ ગાઝેબો ઊભા કરવામાં આવ્યા છે. તળાવની ફરતે વુડન ટાઈપ ગ્રીલ લગાવવાની સાથે સ્લોપ પ્રોટેક્શનમાં જૂના પથ્થર પીચીંગનું રિપેરિંગ કામ પણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે.

બાળકોના મનોરંજન અને શારીરિક વિકાસ માટે ખાસ ચિલ્ડ્રન પ્લે એરિયા તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ચેસ્ટ પ્રેસ, લેગ પ્રેસ, સાયકલ, આર્મ એક્સરસાઈઝર અને લપસણી જેવા આધુનિક રમતના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. વિશેષરૂપે, થરાદમાં પ્રથમ વખત આ ગાર્ડનને સીસીટીવી કેમેરાથી સુસજ્જ કરવામાં આવ્યું છે, જેનાથી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થશે. તદુપરાંત, મુલાકાતીઓની સગવડતા માટે ગાર્ડન કેમ્પસમાં પે એન્ડ યુઝ શૌચાલયની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે થરાદ નગરપાલિકા પ્રમુખ અર્જુનસિંહ વાઘેલા, જિલ્લા અગ્રણી શ્રી નરેશ ઠાકોર, પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ સહિતના અગ્રણીઓ, અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકની સી.એન.સી.ડી. શાખામાં લાઈવસ્ટોક ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા જયદીપસિંહ રામસિંહ રાજપૂતને તા?. ૨૯/૧૦/૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૨ વાગ્યાની આસપાસ ફરજમુક્ત કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સદર કર્મચારી આઉટસોર્સિંગ ના ધોરણે અત્રેની કચેરીએ ફરજ બજાવતા હતા જે અન્વયે છેલ્લા ઘણા સમયથી રખડતા પશુઓ ની ફરીયાદ સંદર્ભે સદર કર્મચારી દ્વારા અસરકારક કામગીરી હાથ ધરવામાં આવેલ નહોતી અને અવારનવાર ઉપરી અધિકારીઓ દ્વારા ધ્યાન દોરવા છતાં તેમની કામગીરીમાં કોઈ સુધારો જણાતો નહોતો અને તેના પરિણામે ઉચ્ચ કક્ષાએથી મળેલ આદેશાનુસાર સદર કર્મચારીને પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવવા બદલ તા. ૨૯/૧૦/૨૦૨૬ ના રોજ આશરે બપોરે ૨ વાગ્યે ફરજમુક્ત કરવામાં આવેલ છે.

હારીજમાં ૨ હજારથી વધુ પરિવારોને કિટ અપાઈ:જલિયાણ ગ્રુપે દિવાળીએ મીઠાઈ અને ૪ ડિશના સ્ટીલ સેટનું વિતરણ શરૂ કર્યું



હારીજમાં જલિયાણ ગ્રુપે દિવાળી નિમિત્તે ૨ હજારથી વધુ શ્રમજીવી પરિવારોને મીઠાઈ અને સ્ટીલની ૪ ડિશના સેટની કિટ આપવાનું શરૂ કર્યું છે. ગ્રુપના સભ્યો અને સ્થાનિક નગરસેવકો ઘરે-ઘરે જઈને કિટ આપી રહ્યા છે.ધનતેરસના દિવસે વાદી વસાહત અને ઈન્દિરા નગરના પરિવારોને કિટ આપવામાં આવી હતી. આગામી બે દિવસમાં હારીજના તમામ શ્રમજીવી પરિવારોને ઘેર ઘેર જઈ કિટ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.આ સેવા કાર્ય જલિયાણ ગ્રુપના સ્વર્ગસ્થ ફરશુરામ ડાહ્યાલાલ ઠક્કરની સ્મૃતિમાં શરૂ કરાયું છે. નિલેશભાઈ ઠક્કર, મિતેશભાઈ ઠક્કર, શૈલેષભાઈ ઠક્કર અને સેશન્સ કોર્ટના સરકારી વકીલ શૈલેષભાઈ ઠક્કરની હાજરીમાં કિટ વિતરણ શરૂ થયું હતું.જલિયાણ ગ્રુપના યુવરાજભાઈ, બ્રિજેશભાઈ, વર્ધિભાઈ અને ધર્મેશભાઈ, પાલિકાના કોર્પોરેટરો તથા સેવાકાર્યમાં અગ્રેસર રેહતા તેમની ટીમે વિતરણમાં ભાગ લીધો હતો.



ગોંડલ જાણીતી સેવાકિય સંસ્થા શ્રી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા દાતાશ્રીઓ ના સહયોગથી દિવાળી પર્વ નિમિત્તે ગોંડલમાં ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ પરિવારોને મીઠાઈ તેમજ ફરસાણ ૧૨૦ ફુટ પેકેટ વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત શ્રી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ ના ગ્રુપ સભ્યો ના બંટીભાઈ ભુવા, કિશોરભાઈ ધ્રુક, મનિષભાઈ રૈયાણી નગરપાલિકાના ઉપપ્રમુખ,રોકનભાઈ ભુવા, બાબુભાઈ વધાસિયા, જાગૃતિબેન માલવિયા, એકતાબેન ધોરાજીયા, નગરપાલિકાના સદસ્ય, કિષ્નાબેન તન્ના, રાજવીબેન શિંગાળા વગેરે સભ્યો તથા મહેમાનોઓ હાજરી આપી હતી.દિવાળીના તહેવારે નિમિત્તે જરૂરિયાતમંદ બાળકોને ચહેરા પર સ્મિત લાવવાની એક કોશિશ કરવામાં આવી હતી

પાટણના બે તબીબે ૨૧૬ વૃક્ષ વાવ્યાંઃમાતાપિતાની યાદમાં બે પક્ષી અભયારણ્ય બનાવ્યાં, ઉછેર માટે કુલ ?૨,૨૨,૨૨૨નું અનુદાન આપ્યું







પાટણના બે તબીબો ડૉ. નરેશ પટેલ અને ડૉ. બાબુભાઈ પટેલે ધનતેરસ નિમિત્તે પોતાના માતાપિતાના સ્મરણાર્થે પક્ષીઓને અનુકૂળ ૨૧૬ વૃક્ષોનું વાવેતર કરી ×લીલા-અર્જુન પક્ષી અભયારણ્ય× તથા ×જીવીબેન ગણેશભાઈ પક્ષી અભયારણ્ય× નિર્માણ કરી લોકાર્પણ કર્યું છે.ધનતેરસના દિવસે પાટણના તબીબ ડૉ. નરેશ પટેલ અને ડૉ. બાબુભાઈ પટેલે પરિવારજનોની ઉપસ્થિતિમાં પીપળા, ઉંબરો, વડ, લીમડો, બોરડી, દેશી આંબા, જાંબુડા, શેતૂર, આંબળા, મહુડો, બીલી, ગુંદા, કદમ, અર્જુન સાદડ અને આંબલી જેવા પક્ષીઓને આશ્રય તથા ખોરાક પૂરો પાડતા ૧૦૮-૧૦૮ મળી કુલ ૨૧૬ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ વૃક્ષારોપણ થકી બંને તબીબોએ પ્રકૃતિ પૂજન સાથે પક્ષી અભયારણ્યનું નિર્માણ કર્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત ડૉ. નરેશ પટેલે સ્વ. લીલાબેન અને સ્વ. અર્જુનભાઈના સ્મરણાર્થે ૧૦૮ વૃક્ષોના જતન અને ઉછેર માટે સંસ્થાને ૧,૧૧,૧૧૧ રૂપિયાનું યોગદાન આપ્યું હતું. આ જ રીતે ડૉ. બાબુભાઈ પટેલે સ્વ. જીવીબેન અને સ્વ. ગણેશભાઈના સ્મરણાર્થે ૧૦૮ વૃક્ષોના ઉછેર પેટે સંસ્થાને ૧,૧૧,૧૧૧ રૂપિયાની રકમ અર્પણ કરી પર્યાવરણ જાળવણી માટે સહયોગ આપ્યો હતો.આ પ્રસંગે તબીબોના પરિવારજનો તેમજ આર્યવ્રત નિર્માણ સંસ્થાના નીરવ પટેલ, જીગ્નેશ કડીયા, પ્રગ્નેશ પ્રજાપતિ, નરેશજી ઠાકોર, કાનજી ઠાકોર અને દશરથજી સહિતના લોકોએ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. આર્યાવ્રત નિર્માણના પ્રમુખ નિલેશ રાજગોરે ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાયમેટ ચેન્જના વૈશ્વિક પડકારો સંદર્ભે પ્રકૃતિ સંરક્ષણ અને સંવર્ધન એ જ સાચી ધનપૂજા હોવાનું જણાવી ઉપસ્થિત સૌને પર્યાવરણ પ્રહરી બનવાના સંકલ્પ લેવડાવ્યા હતા.

દીપોત્સવી : અયોધ્યાથી પાવાપુરી સુધી - શ્રીરામનું આગમન,મહાવીરનું કેવળજ્ઞાન અને વેપારીના ચોપડાની પૂજા

આજે અમાસ છે, પણ અંધારું નથી.આજે તા. ૮/૧૧/૨૦૨૬ને રવિવાર,આસોવદ અમાસ,દિવાળી આજે ચંદ્ર નથી.આકાશમાં અમાસનું ઘોર અંધારું છે. પણ આજે ગુજરાતનું એક પણ ઘર અંધારું નથી. આજે વિક્રમ સંવત ૨૦૮૨ના વર્ષનો છેલ્લો દિવસ છે.

આજે એક જ રાત્રે ત્રણ મોટી ઘટનાઓ ભેગી થાય છે, એટલે જ ભારતની દિવાળી દુનિયામાં સૌથી અનોખી છે.

અયોધ્યામાં શ્રીરામનું આગમન પાવાપુરીમાં મહાવીરનું નિર્વાણ ગુજરાતમાં વેપારીના ચોપડાની પૂજા ત્રણ ધર્મ, ત્રણ પરંપરા, પણ એક જ સંદેશ-અંધારામાં પણ દીવો કરો, કારણ કે જ્ઞાનનો દીવો ક્યારેય બુઝાતો નથી.દિવાળીની સૌથી લોકપ્રિય અને સૌથી હૃદયસ્પર્શી કથા એટલે શ્રીરામની કથા.

૧૪ વર્ષનો વનવાસ. રાવણનો વધ. સીતાજીની અગ્નિપરીક્ષા. અને પછી અયોધ્યા પાછા ફરવાનો દિવસ.

રામ જ્યારે અયોધ્યા પાછા આવ્યા, ત્યારે તે દિવસ આસો વદ અમાસ નો હતો. અયોધ્યાની પ્રજાએ આખી નગરીને દીવાઓથી શણગારી.ઘરે-ઘરે દીપમાળા કરી, રંગોળી કરી,તોરણ બાંધ્યા.

રામ એટલે મર્યાદા પુરુષોત્તમ. જેમણે પિતાના વચન માટે રાજ્ય છોડ્યું,ભાઈ માટે વનવાસ સ્વીકાર્યો, પ્રજા માટે સીતાને પણ ત્યાગી. તેમનું આગમન એટલે ધર્મનું આગમન.

આજે આપણે દિવાળીએ દીવો કરીએ છીએ, તે રામના આગમનની યાદમાં કરીએ છીએ. પણ સાચો અર્થ એ છે કે - આપણા જીવનની અયોધ્યામાં પણ રામને પાછા બોલાવવાના છે. આપણા મનની અયોધ્યામાં આજે રાવણ બેઠો છે - અહંકાર, લોભ, ક્રોધ. તેને માર્યા વગર રામ આવશે નહીં.

રામનું રાજ્ય એટલે રામરાજ્ય. જ્યાં કોઈ ભૂખ્યું ન સૂએ,કોઈ અન્યાય ન થાય, કોઈ સ્ત્રીને ડર ન લાગે. દિવાળીનો દીવો આપણને પૂછે છે -તારા ઘરમાં રામરાજ્ય છે?

અયોધ્યામાં આજે પણ દિવાળી એટલે સરયૂ કિનારે લાખો દીવા. જેમ અયોધ્યાવાસીઓએ રામને વધાવ્યા, તેમ આપણે પણ આપણા ઘરના રામને - આપણા અંતરાત્માને વધાવવાનો છે.ભગવાન મહાવીર - જ્યારે જ્ઞાનનો દીવો બુઝાયો અને લોકોએ માટીના દીવા કર્યા

દિવાળીનો સૌથી પ્રાચીન ઉલ્લેખ હિન્દુ પુસ્તકોમાં નહીં,જૈન પુસ્તકો માં આવે છે. આ વાત ઘણા લોકો જાણતા નથી.

પરંપરા મુજબ મહાવીરે અમાસની વહેલી પરોઢે નિર્વાણ મેળવ્યું હતું. તે જ દિવસે તેમના મુખ્ય શિષ્ય ગણધર ગૌતમ સ્વામીએ સંપૂર્ણ જ્ઞાન - કેવલજ્ઞાન - મેળવ્યું હતું.

ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં આચાર્ય ભદ્રબાહુ રચિત કલ્પસૂત્ર અનુસાર, તે રાત્રે ઘણા દેવતાઓ ત્યાં ઉપસ્થિત હતા અને અંધકારને પ્રકાશથી અજવાળતા હતા. ત્યાર બાદની રાત કાળી અંધારી હતી, તેમાં દેવતાનો કે ચંદ્રનો પ્રકાશ નહોતો.

ગુરુની જ્ઞાનની જ્યોતને જીવંત રાખવાના પ્રતીક તરીકે કાશી અને કોસલના ૧૬ ગણ-રાજા, ૯ મલ્લ અને ૯ લિચ્છવીઓએ તેમના દરવાજા પ્રકાશિત કર્યા હતા. તેઓએ કહ્યું:"ગયે સે ભવુજ્જોયે, દવ્વુજ્જોયં કરિસ્સમો" અર્થાત્ - "જ્ઞાનનો પ્રકાશ જતો રહ્યો હોવાથી આપણે સામાન્ય વસ્તુઓથી અજવાળું કરીશું.

આ વાક્ય જ દિવાળીનું મૂળ છે. ગુરુ ગયા,પણ તેમનો પ્રકાશ આપણા દીવામાં જીવે છે.આચાર્ય જિનસેન લિખિત હરિવંશ-પુરાણમાં લખ્યું છે:

અર્થાત્ - ત્યારથી લોકો પ્રતિવર્ષ આદરપૂર્વક ભારતમાં પ્રસિદ્ધ દીપલિકા યાત્રા દ્વારા જિનેન્દ્રના નિર્વાણની ભક્તિથી પૂજા કરવા લાગ્યા.

આ પ્રસંગના માનમાં દેવતાઓએ પાવાપુરીને દીવડાઓના પ્રકાશથી ઝગમગાવી હતી.

દિપાલિકા શબ્દનો અર્થ થાય છે "દીવાઓનો દિવ્ય પ્રકાશ" અને બીજો અર્થ થાય છે"શરીરને છોડીને જતો પ્રકાશ".આ જ શબ્દ માંથી "દિવાળી" શબ્દ આવ્યો છે.

જૈનો દ્વારા દિવાળીની ઉજવણી ઘણી રીતે અલગ પડે છે. જૈનો જે કંઈ કરે છે, તેમાં સંયમવૃત્તિ પર ભાર હોય છે. કારતક મહિના દરમિયાન ત્રણ દિવસ માટે જૈનો દિવાળી ઉજવે છે. આ સમય દરમિયાન શ્વેતાંબર જૈનો ઉપવાસ કરે છે અને ઉત્તરાધ્યયન સૂત્રનો પાઠ કરે છે. ઘણા જૈનો બિહારમાં આવેલ નિર્વાણસ્થળ પાવાપુરીની મુલાકાત લે છે. ઘણા મંદિરોમાં આ દિવસે વિશેષ રીતે લાડુ ધરાવાય છે.

રામની દિવાળી કહે છે - રાજા પાછો આવ્યો.મહાવીરની દિવાળી કહે છે - ★ગુરુ ગયા, પણ જ્ઞાન મૂકી ગયા.એકમાં આગમનનો આનંદ છે, બીજામાં નિર્વાણની શાંતિ છે. પણ બંનેમાં દીવો જ છે.

ગુજરાતનો વેપારી - લાલ ચોપડાથી લેપટોપ સુધી,ભાવ એક જ

આજે ગુજરાતના વેપારીઓ માટે ખૂબ મહત્વનો દિવસ છે. ગુજરાતનો દરેક નાનામાં નાનો કારખાનાનો માલિક હોય કે મોટામાં મોટી કંપનીનો માલિક, તે આજે સારા મુહૂર્તે તેના હિસાબના ચોપડાની પૂજા કરે છે.

પહેલા વેપારીઓ તેમના નામામાં પારંપરિક લાલ ચોપડાની પૂજા કરતા હતા, જે હજુ પણ ક્યાંક જોવા મળે છે. હવે કોમ્પ્યુટરના જમાનામાં વેપારીઓએ લાલ ચોપડાનું સ્થાન લેપટોપને આપી દીધું છે, પણ તેમનો પૂજા ભાવ તો પહેલાના જેવો જ પવિત્ર રહ્યો છે.

આ દિવાળી એટલે તેમના ધંધાના ચોપડાનું પૂજન કરીને, સારા મુહૂર્તે આખા વર્ષ દરમિયાન થયેલા લાભનું પૂજન કરીને તે વર્ષની છેલ્લી વસ્તી કરવી. ત્યારબાદ નવા વર્ષે એટલે કે કારતક સુદ એકમે અથવા પાંચમે કે સાતમના દિવસથી પોતાનો રાબેતા મુજબનો ધંધો શરૂ કરવો.

આ પરંપરા ફક્ત પૈસાની પૂજા નથી. આ કર્મની પૂજા છે. વેપારી આ દિવસે વિચારે છે - મેં આ વર્ષે કોને છેતર્યા? કોનું દેવું ચૂકવવાનું બાકી છે? કોને મદદ કરી? મારો નફો શુદ્ધ છે કે અશુદ્ધ?

લાલ ચોપડો લાલ કેમ? કારણ કે લાલ એટલે શુભ, લાલ એટલે લક્ષ્મી, લાલ એટલે કંકુ. જેમ કંકુ વગર પૂજા અધૂરી, તેમ હિસાબ વગર વેપાર અધૂરો.લેપટોપની પૂજા કરનારો વેપારી પણ એ જ કહે છે - ટેક્નોલોજી બદલાઈ, પણ નીતિ ન બદલાવી જોઈએ.

આ દિવાળીએ ત્રણ દીવા કરજો

આજે અમાસ છે. ચંદ્ર નથી. પણ તમારા ઘરમાં ત્રણ દીવા જરૂર કરજો.પહેલો દીવો શ્રીરામ માટે - મર્યાદા માટે, કે હું મારા વચનનું પાલન કરીશ.બીજો દીવો મહાવીર માટે -સંયમ માટે,કે હું મારા જ્ઞાનના દીવાને બુઝાવા નહીં દઉં.ત્રીજો દીવો લક્ષ્મી માટે -કે મારું ધન શુદ્ધ હશે, મારો હિસાબ ચોખ્ખો હશે.

જે ઘરમાં રામનું મર્યાદા, મહાવીરનો સંયમ અને લક્ષ્મીની શુદ્ધતા-ત્રણેય ભેગા થાય, તે ઘરમાં દિવાળી એક દિવસની નહીં, આખા વર્ષની બની જાય છે.

આજે વિક્રમ સંવત ૨૦૮૨ પૂરું થાય છે.જૂના વર્ષના હિસાબ પતાવો.જૂની ભૂલોને માફ કરો. નવા વર્ષમાં નવા ચોપડા સાથે,નવા સંકલ્પ સાથે પ્રવેશ કરો.શુભ દીપાવલી.નૂતન વર્ષાભિનંદન.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા ★

આગામી દિવાળી પર્વને અનુલક્ષીને મેયર શ્રી રૂપસિંગ ઠાકોર દ્વારા ફાયર વિભાગની મુલાકાતઃ નાગરિકનો અમૂલ્ય જીવ બચાવનાર ઘાયલ ફાયર જવાનોની સરાહનીય કામગીરીને બિરદાવી





ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી રૂપસિંગ ઠાકોર દ્વારા આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને ગત તારીખ ૬ઠ્ઠી નવેમ્બરના રોજ મહાનગરપાલિકાના ફાયર વિભાગની મુલાકાત લેવામાં આવી હતી. તહેવારો દરમિયાન શહેરમાં કોઈપણ પ્રકારની આગજની કે અન્ય દુર્ઘટના ન સર્જાય અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થાય તે હેતુથી મેયરશ્રીએ ફાયર વિભાગની તમામ પૂર્વ તૈયારીઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ફાયર બ્રિગેડના અધિકારીઓ અને જવાનો સાથે ચર્ચા કરીને તહેવારોમાં સતત એલર્ટ રહેવા તેમજ ઈમરજન્સીના સમયે ત્વરિત રેસ્ક્યુ કામગીરી હાથ ધરવા માટે જરૂરી અને સઘન સૂચનાઓ આપી હતી.આ સમીક્ષા મુલાકાત દરમિયાન મેયરશ્રીએ તાજેતરમાં જ એક સરાહનીય અને માનવતાભરી કામગીરી કરનાર ફાયર વિભાગના જવાનોની રૂબરૂ મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, તારીખ ૫મી નવેમ્બરના રોજ શહેરમાં આત્મહત્યા કરવા જઈ રહેલા એક વ્યક્તિનો જીવ બચાવીને ફાયર વિભાગના જવાનોએ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પોતાના જીવના જોખમે એક અમૂલ્ય જિંદગી બચાવવાની આ કપરી રેસ્ક્યુ કામગીરી દરમિયાન ફાયર વિભાગના કર્મચારીઓ ઘાયલ થયા હતા. મેયર શ્રી રૂપસિંગ ઠાકોરે આ ઘાયલ જવાનોને રૂબરૂ મળીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને તેમની અદમ્ય હિંમત તથા ફરજનિષ્ઠાને હૃદયપૂર્વક બિરદાવી હતી.પોતાના જીવની પરવા કર્યા વિના નાગરિકોની સુરક્ષા માટે સદાય તત્પર રહેતા ફાયર જવાનોની આ કામગીરી ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મેયરશ્રીએ ઘાયલ જવાનોના ઝડપી સ્વાસ્થ્ય લાભ માટે કામના કરી તેઓને આ ઉત્કૃષ્ટ અને માનવતાવાદી કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકા શહેરના તમામ નાગરિકોને દિવાળીનો પવિત્ર તહેવાર સુરક્ષિત અને સાવચેતીપૂર્વક ઉજવવા અનુરોધ કરે છે, અને કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિમાં વિના વિલંબે ફાયર વિભાગનો સંપર્ક કરવા માટે અપીલ કરે છે.









Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat